# ધાનેરા નગરપાલિકાના ટ્રેક્ટરમાં ડીઝલ ખૂટતા ટ્રાફિક જામ : શાળાએ જતા બાળકો પણ ટ્રાફિકમાં ફસાયા

## ધાનેરા નગરપાલિકાની નબળી નેતાગીરી ધાનેરાના રહીશોમાં ભભૂકતો રોષ : નગરપાલિકા દ્વારા જાહેર રસ્તા પર રેતી અને કપચી નાખી રસ્તો બ્લોક કરી દેતા લોકોની મુશ્કેલીમાં વધારો

મોડાસા, તા. ૪

જાણે કે બનાસકાંઠા જીલ્લા ના ધાનેરા નગરપાલિકા ની ખરાબ દશા બેઠી હોય તેમ પહેલા તો વીજ બીલ ન ભરતા વીજ તંત્ર દ્વારા પાણીના બોર ના કનેક્શન કાપી નાખવામાં આવ્યા અને હવે પાલિકા ના વાહનો માં ડીજલ ખૂટી જતા વાહનો પણ રસ્તા પર બંધ પડી જતા ટ્રાફિક જામ સર્જાયું હતું અને લોકો ની સાથે-સાથે શાળાએ જતા બાળકો ને પણ આ ટ્રાફિક માં ફસાવું પડ્યું હતું

ધાનેરા નગરપાલિકા ની નબળી નેતાગીરી ના કારણે ધાનેરા નો વિકાસ રૂંધાઈ રહ્યો છે અને પાલિકા ની જાણે ખરાબ દશા બેઠી હોય તેમ પહેલા તો વીજ બીલ ન ભરતા વીજ તંત્ર દ્વારા પાણીના બોર ના કનેકશન કાપી નાખવામાં આવ્યા જેથી પાલિકા સત્તાધીશો દોડતા થયા હતા અને તે બાદ આજે પાલિકા ના ટ્રેક્ટર માં ડીજલ ખૂટી જતા ટ્રેક્ટર જાહેર રસ્તા પર બંધ પડી ગયું હતું રસ્તા પર ભારે ટ્રાફિક સર્જાયું હતું જેના કારણે લોકોને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો અને સાથે-સાથે શાળાએ જતા બાળકો પણ આ ટ્રાફિક માં ફસાઈ ગયા હતા ત્યારે ટ્રેક્ટર નો ચાલક પણ કહી રહ્યો છે કે ટ્રેક્ટર ડીજલ ખૂટી ગયું છે સાંભળો તેના સબ્દો છેલ્લા ઘણા સમય થી ધાનેરા નગરપાલિકા ની નબળી નેતાગીરી થી લોકો પણ કંટાળી ગયા છે અને લોકો વિવિધ સમસ્યા થી પીડાઈ રહ્યા છે જેમ કે ધાનેરા માં વધતું જતું ગંદકી નું સામ્રાજ્ય... ઠેર-ઠેર ગંદકી ના ઢગલા અને ગંદકી ના કારણે ધાનેરા માં રોગચાળો ફેલાવાનો ભય,,,,, અને લોકો તો ગંદકી ના કારણે બીમાર પણ પડી રહય છે ત્યારે ધાનેરા પાલિકા ના સત્તાધીશો દ્વારા લોકો ને વાયદા આપી લોલીપોપ પકડાવી રહ્યા છે અને બડાશ મારીને કહીઓ રહ્યા છે કે અમે ધાનેરા નો આ વિકાસ કર્યો,,,,,,અમે ધાનેરા નો તે વિકાસ કર્યો,,,,,,, પણ જો જોવા જઈએ તો ધાનેરા ની વાસ્વિકતા કૈક જુદીજ છે ધાનેરા સુભાસ રોડ પર લોકો ને રોડ બનાવાનો વાયદાઓ આપી જાહેર રસ્તા પણ રેતી અને કપચી ના ઢગલા કરી જાહેર રસ્તો બંધ કરી દીધો છે જેથી લોકો ચાલવું પણ મુશ્કિલ બની ગયું છે અને આ રસ્તા પર બે શાળાઓ પણ આવેલી છે જેથી નાના-નાના બાળકો પોતાના જીવ ના જોખમે આ ઢગલા પર ચાલી ને શાળાએ જાય છે આ જગ્યા પર રેતી અને કપચી નાખ્યા ને આજે ૨૦ દિવસ કરતા પણ વધારે નો સમય વીતી ગયો પણ આ જગ્યા પર કોઈજ ફરકતું પણ નથી જેથી લોકોને રોડ બનાવી આપી લોકો ની મુશ્કેલી દુર કરવાના બદલે અત્યારે લોકોની મુશ્કિલ વધી રહી છે

# ઈસરી ગામમાં ત્રણ દુકાનોના તાળા તૂટ્યા

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈસરી ગામમાં ત્રણ દુકાનોના તાળા તોડી ચોર ઈસમોએ હાહાકાર મચાવ્યો છે. ચોર ઈસમોએ દુકાનનો માલસામાન વેર-વિખેર કરી રૂ. ૮૨૦૦ની ચોરી કરી રાત્રીના અંધારામાં પલાયન થઈ ગયા હતા.

મેઘરજ તાલુકાના ઈસરી ગામમાં પોલીસ સ્ટેશન આવેલું હોવા છતાંચોર ટોળકી જાણે પોલીસને ચેલેન્જ આપતી હોય તેમ ગતરાત્રીએ એક જ રાતમાં કરીયાણાની દુકાન, ટાયર પંચર તેમજ દરજીની દુકાનને નિશાન બનાવી હતી. ગામના ચુનીભાઈ રાવળની કરીયાણાની દુકામાંથી ચોર ઈસમોએ રૂ. ૩૦૦૦ રોકડા, એક હજાર રૂપિયાની પરચૂરણ તેમજ તેલના બે ડબ્બા, જયારે ટાયર પંચરની દુકાનમાંથી ૩ ટાયર અને રૂ. ૨૦૦ રોકડ, લીધી હતી. શ્રીજી ટેલર્સમાંથી રોકડ કે અન્ય ચીજવસ્તુ હાથમાં ન આવતા દુકાનમાં રહેલા કપડા વેર-વિખેર કરી નાંખ્યા હતા.

# તાજપુર નજીક કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થતાં કારમાં સવાર રાજકોટના ચાર ઈસમોનો આબાદ બચાવ

તાજપુર પાટીયા પાસે કાર અને ટ્રેક્ટર વચ્ચેઅકસ્માત થતાં કારમાંસવાર ચારનો આબાદ બચાવ થયો છે જયારે તેમણે શરીરે નાની મોટી ઈજાઓ થતાં



૧૦૮ દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ તાલુકાના તાજપુર પાટીયા પાસે આવેલ નેશનલ હાઈવે-૮ હિંમતનગર અમદાવાદ રોડ ઉપર રાત્રીના સમયે રેતી ભરેલ ટ્રેક્ટર-ટેલર સાથે કાર ધડાકા ભેર અથડાતા કારમાં મુસાફરી કરી રહેલ ચારનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત થતાં જ કારમાં આગળના ભાગે આવેલ બંને સાઈડેથી એરબેગ ખુલી જતાં આગળ સવાર ચાલક સહિત બેને ઈજાઓ થઈ હતી. ટ્રેક્ટર પાછળ આવેલ ટ્રેલર પણ પલ્ટી ખાઈ જતા રોડ ઉપર રેતીનો ઢગ થઈ જતાં ટ્રાફિક પણ જામ થઈ ગયો હતો. જયારે ઈજા પામેલ ચારને ૧૦૮ દ્વારા પ્રાંતિજ સામુહિક કેન્દ્ર ખાતે ખસેડવામં આવ્યા હતા. જયારે હાઈવેર ઓથોરિટીને અકસ્માત અંગેની જાણ થતાં તેઓ પણ ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જેસીબી દ્વારા રોડ ઉપર પડેલ રેતી હટાવવામાં આવી હતી.

# ધાનેરા બસ સ્ટેન્ડમાં યુવકે મુસાફરોને ગાળો બોલતા મામલો તંગ બન્યો

## આ યુવકને બસ સ્ટેન્ડમાંથી તગેડી મુકવા લોકોની રજૂઆત નહીંતર બસ સ્ટેન્ડમાં કોઈ હંગામો થાય કે જાનહાનિ થાય અને બસ અથવા બસ સ્ટેન્ડને કોઈ નુકશાન થાય તો તેના માટે જવાબદાર એસ.ટી. ખાતાના અધિકારી રહેશે

ધાનેરા, તા.૪

બનાસકાંઠાના ધાનેરા બસ સ્ટેન્ડ પર બસ ન આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે બસ સ્ટેન્ડમાં રહીને કામ કરતો ઈનુષ નામનો શખ્સ લોકોને ગાળો ભાંડી રહ્યો છે જેથી લોકોનો રોષ ભભૂકી રહ્યો છે કે આને બસ સ્ટેન્ડમાંથી બહાર નિકાળો નહિતર અમે ભારે હંગામો કરશું અને તેના માટે જવાબદાર એસ.ટી. ખાતાના અધિકારી રહેશે.

બનાસકાંઠાની મોટાભાગની બસો અંબાજી મહા મેળામાં મુકેલી છે તેના માટે અન્ય જગ્યાએ જવા માટે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જો વાત કરવામાં આવે બનાસકાંઠા જીલ્લાના ધાનેરાની તો આજે સવારે ૯ વાગ્યા સુધી એક પણ બસ ન આવતા મુસાફરો રઝળી પડ્યા હતા અને મોડે મોડે એક બસ આવી અને તે બસ પણ ધાનેરા બસ સ્ટેન્ડમાં આવી બગડી જતા લોકોને હેરાન થવું પડ્યું હતું. ધાનેરા બસ સ્ટેન્ડમાં બસ ન આવવાના કારણે મુસાફરો અને વિદ્યાર્થીઓ ભેગા મળી આ બાબતે ધાનેરા બસ સ્ટેન્ડમાં પાર્સલનું કામ કરતો શખ્સ ઈનુષને પુછવા જતાં તે લોકોને ગાળો ભાંડવો લાગ્યો હતો જેથી લોકો ઉશ્કેરાયા હતા અને મામલો તંગ બન્યો હતો જુઓ આ શખ્સ કેમેરા સામે પણ ગાળો ભાંડી રહ્યો છે.

ધાનેરા બસ સ્ટેન્ડમાં આ શખ્સ પાર્સલનું કામ કરી રહ્યાછે અને કાયમી લોકો સાથે બબાલ કરી લોકોને હેરાન કરે છે અને આ માથાભારે શખ્સને જો એસ.ટી. ખાતા દ્વારા તાત્કાલિક છૂટો કરી દેવો જોઈએ નહીંતર આને કારણે ધાનેરા બસ સ્ટેન્ડમાં જો કોઈ હંગામો થાય કે જાનહાનિ અને બસ સ્ટેન્ડનો કોઈ હંગામો થાય કે જાનહાનિ થાય અને બસ અથવા બસ સ્ટેન્ડનો કોઈ નુકશાન થાય તો તેના માટે જવાબદાર એસ.ટી. ખાતાના અધિકારી રહેશે.

# પ્રાંતિજમાં ઓવરલોડિંગ ૧૨ ટ્રકો તથા ૬ ટ્રેક્ટર પકડાયા

## ખાણ ખનિજ-રોયલ્ટી વિભાગ પ્રાંત અધિકારી તથા મામલતદારનું સંયુક્ત ઓપરેશન : ઓવરલોડ ટ્રક ચાલકો તથા રેતી માફિયાઓમાં ફફળાટ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે.૮ તાજપુર તથા કાટવાડ તથા પ્રાંતિજ રેલવે સ્ટેશન એપ્રોચ રોડ ઉપરથી ૧૨ ટર્બા (ટ્રક) તથા ૬ ટ્રેક્ટર ઓવરલોડિંગ તથા રોયલ્ટી વગરના તંત્રએ પકડી પાડ્યા હતા.

પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી એ.આર.ચૌધરી તથા પ્રાંતિજ મામલતદાર એ. એ. ડોડિયાની સંયુક્ત ટીમ દ્વારા પ્રાંતિજ એપ્રોચ રોડથી હરસોલ રોડ ઉપર આવેલ રેલવે સ્ટેશન પાસે કંપચી, મેટલ ભરેલ આઠ ઓવરલોડિંગ ટ્રકો તથા ત્રણ



ઓવરલોડિંગ રેતી ભરેલ ટ્રેક્ટર પકડી પાડ્યાં હતા અને તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જયારે ખાણખનિજ વિભાગ કિર્તી પટેલના આદેશના પગલે કે.કે. વ્યાસ તથા ભગવાનભાઈની

સંયુક્ત ટીમ દ્વારા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ તાજપુર કુઈ પાસે થી પસાર થઈ રહેલ ઓવરલોડિંગ ચાર ટર્બા તથા બે પાસ પરમીટ વગરના બે ટ્રેક્ટર તથા હિંમતનગર નેશનલ હાઈવે.આઠ કાટવાડ પાટીયા પાસેથી પણ રોયલ્ટી વગરનું પ્રાંત અધિકારી તથા મામલતદાર દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેથી અન્ય ટ્રક ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જયારે ડિટેઈન કરેલા ૧૨ ટ્રક તથા ૬ ટ્રેક્ટર પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવ્યા હતા.

# કપાસના પાકમાં ખાખરના રોગથી ખેડૂતો પરેશાન

## ખાખર - મિલીબગના આક્રમણથી કપાસના ખેતરો સુકાવા લાગ્યા

મોડાસા, તા. ૪

મોડાસા તાલુકાના ખંભીસર તેમજ આજુબાજુના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી કપાસના પાકમાં ખાખર આવતાં દિવસમાં ખખરીને સુકાઈ જાય છે. આ અંગે ખંભીસરના યુવા ખેડૂતો જીતુ પટેલના જણાવ્યાનુસાર ગામોમાં કપાસના વધુ ભાવ મળવાની આશાએ ખેડૂતોએ



મોંઘી દવા તેમજ ખાતર, બિયારણની ખરીદી કરી કપાસનું વાવેતર કર્યું હતું. શરુઆતના દિવસોમાં સારા વરસાદના લીધે કપાસનું મબલખ ઉત્પાદન થાય એવી આશાઓ ખેડૂતોમાં બંધાઈ હતી. પરંતુ પાછળા દિવસોમાં પડેલા વરસાદના લીધે ખેડૂતોની આશાઓ પર પાણી ફરી ગયું હતું. પાછોતરા વરસાદના લીદે કપાસના પાકમાં ખાખર નામનો રોગ જોવા મળતાં ખેડૂતો ફફડી ઉઠ્યા હતા. કપાસના ઉભા ખેતરો સુકાવા માંડ્યા છે જેના લીધે ખેડૂતોમાં ચિંતાનું મોજુ પ્રસરી ગયુ છે. આ ઉપરાંત કપાસના પાકમાં હાલ ભમરી અને ફુલ લાગવાનો શ્રેષ્ઠ સમય છે પરંતુ મિલીબગ નામની સફેદ માખીના ઉપદ્રવના લીધે કપાસમાં ભમરીઓ અને ફુલ પણ ખરવા માંડતાં ખેડૂતોને પડતા પર પાટુ મારવા જેવો ઘાટ થયો છે. ખાખરના રોગથી હાલ લીલા કપાસ પણ બે ચાર પાછોતરો વરસાદ પવન સાથે આવતાં કપાસના છોડના મુળમાં નુકશાન થતાં ખાખરના રોગનું આક્રમણ વધ્યું હતું અને કપાસના લીલા છોડ પણ સુકાવા માંડે છે અને દવાની અસર પણ ખાસ થતી ન હોવાથી હાલ ખાખરના રોગને કાબુ કરવો મુશ્કેલ થઈ પડ્યો છે અને ઉત્પાદનમાં પણ ઘણો મોટો ઘટાડો થાય એમ હોવાથી ખેડૂતોની હાલત દયનીય બની ગઈ છે.

# વિજયનગર મામલતદાર દ્વારા કરાતી હરકતોના વિરોધમાં ધારાસભ્યોએ આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૪

વિજયનગરમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા સરકારી અધિકારી દ્વારા વિકાસ કામોમાં રસ દાખવવાને બદલે આગામી સમયમાં આવી રહેલ ચૂંટણીઓને ધ્યાનમાં રાખી કેટલાક કર્મચારીઓ તથા સરકારી સંસ્થાઓ પર દબાણ લાવી પોતાના મનપસંદ ઉમેદવારોની પસંદગી કરાવવા હરકતો કરી રહ્યા હોવાનો આક્ષેપ સાથે ધારાસભ્ય તથા ૧૦૦ થી વધુ સ્થાનિક રહીશોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

આ આવેદનપત્રમાં ધારાસભ્ય અશ્વિન કોટવાલ તથા સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ વિજયનગર મામલતદાર તરીકે ફરજ બજાવટા વી.આઈ. પ્રજાપતિ છેલ્લા ઘણા સમયથી આદિવાસી વિસ્તારમાં કરવાના થતા વિકાસ કામોમાં રસ દાખવવાને બદલે જિલ્લા તાલુકા પંચાયતની આવી રહેલી ચૂંટણીઓ સંદર્ભે પોતાની ઓફીસમાં નોકરી કરતાં કર્મચારીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ પર દબાણ લાવતા હોવાનો આક્ષેપ કર્યો છે.

તેમજ કેટલાક લોકોના ઉમેદવારીપત્રો પણ રદ કરી દેવાની શક્યતાને લઈને તેમના વિરોધમાં ગુરુવારે જિલ્લા કલેકટર પી. સ્વરુપને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ૧૦ દિવસમાં આ અંગે કાર્યવાહી નહિ થાય તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# હિંમતનગર વામોજના ખેડૂતના ૧.૬૫ લાખ એક્ટિવાની ડેકી તોડી લઈ ગયા

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ એક બેંક આગળ ગુરુવારે વામોજના ખેડૂતના એક્ટીવાની ડેકી તોડી અજાણ્યા શખ્સો રૂા. ૧.૬૫ લાખની ચોરી કરી લઈ જતા એ - ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકાના વામોજ ગામના ગણપતભાઈ મોતીભાઈ પટેલ ગુરુવારે સવારે ૧૧ વાગે પોતાની જીજે.૯એ.એમ.૭૩૦૭ની ડેકીમાં ઘરેથી એક થેલીમાં રૂા. ૩૦ હજાર લઈને નીકળ્યા હતા અને ૧૧.૩૦ વાગે હિંમતનગરમાં સિવિલ સામે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામા ગોલ્ડ લોન લેવા બેંકમાં ગયા હતા. જયાંથી રૂા. ૧.૩૫ લાખ થેલીમાં મુકીને મહાવીરનગર વિસ્તારમાં ખેડ તસીયા માર્ગ પર આવેલ કોર્પોરેશન બેંક આગળ ૧.૩૦ વાગે પોતાની એક્ટીવા પાર્ક કરી બેંકના નાણા લેવા ગયા હતા જે ૧.૪૦ વાગે એટલે કે ૧૦ મીનીટમાં પરત બહાર રૂા. ૩૦ હજાર લઈને બહાર આવ્યા ત્યારે તેમની એક્ટીવાની ડેકી ખુલ્લી હતી અને અંદરથી રૂા. ૧.૬૫ લાખ, પાસબુક અને ચેકબુક મુકેલ થેલી અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયેલ હતા. આ અંગે ગણપતભાી પટેલે હિંમતનગર ચેકબુક મુકેલ થેલી અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયેલ હતા. આ અંગે ગણપતભાઈ પટેલે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોલીસને તમામ વાત કરી હતી જેથી પોલીસે ગણપતભાઈની ફરિયાદ આધારે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# તાજપુર ખાતે પાટીદાર સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ઓરાણ ગામે પાટીદારો દ્વારા અનામત આંદોલનને લઈ શહીદ થયેલ પાટીદારો યુવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

હિંમતનગર - અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ઓરાણ તાજપુર ગામે ઉજીને શનિવારના રોજ રાત્રે પાટીદાર સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાટીદાર સમાજના શહીદ થયેલ યુવાનોને મીણબત્તી પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં તાજપુર તથાત આજુબાજુમાં રહેતા પાટીદાર સમાજના હજારો લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કાર્યક્રમમાં જય સરદાર જય પાટીદારના નારા સાથે મહિલાઔઓએ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

# ધનસુરામાં આશાસ્પદ યુવાનનું અકસ્માતે મોત થતાં સમગ્ર પથંકમાં શોકની લાગણી

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ધનસુરા ગામે રહેતા સોલંકી અજય જયંતિભાઈ ઉ.વ.૨૧ તેઓ પોતાની બાઈલ લી પોતાના કામ અર્થે ધનસુરાથી બાયડ તરફ જઈ રહ્યા હતા. ત્યારે પાછળથી આવતા ડમ્પરે અડફેટે લેતા બાઈક સવાર યુવાનનું સ્થળ ઉપર જ કમકમાટીભર્યુંમોત નીપજતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરાઈ ગઈ છે.

# પીલુન્દ્રાની પરણીતાની બે બાળકો સાથે આત્મહત્યા કે હત્યા ?

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ નજીકના પીલુન્દ્રા ખાતે બે દિવસ અગાઉ પોતાના જ ઘરમાં એક પરણીતાની બે બાળકો સાથે સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવતા પ્રાંતિજ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પ્રાંતિજ પોલીસે ત્રણ શખ્સોની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના પીલુન્દ્રા રામપુરા ગામ પાસે આવેલા ખેતરના મકાનમાં આગ અને ધુમાડો જેવું દેખાતા ગ્રામજનો દ્વારા મકાન પાસે દોડી આવ્યા હતા અને મકાનનો દરવાજો તોડી અંદર દાખલ થતાં હતા પણ હિનાબેન તેમણા બે પુત્રો જોડે બળીને ખાખ થયેલી હાલતમાં મળી આવ્યા હતા. જયારે આ અંગેની જાણ મૃતક હિનાબેનના પિયર પક્ષે જાણ કરવામાં આવતા મૃતક યુવતીના પિતા અને કુટુંબીજનો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જયારે મૃતક હિનાબેનના પિતા જાલમસિંહ માનસિંહ સોલંકી દ્વારા પ્રાંતિજ પોલીસને જાણકારી હતી અને મૃતક હિનાબેનના પતિ, સાસુ, સંસારા સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પ્રાંતિજ પી.આઈ. ભરત પટેલ સાથે જિલ્લા નાયબ અધિક્ષક શ્રીવાસ્તવે તપાસ હાથધરી હતી. જયારે આજે ડી.વાય.એસ.પી. માલ દ્વારા પણ ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. પ્રાંતિજ પોલીસે હિનાબેનના પતિ વિનોદસિંહ જગતસિંહ રાઠોડ તથા સસરા જગતસિંહ કચરાસિંહ રાઠોડ તથા સાસુ શારદાબહેન જગતસિંહ રાઠોડ એમ ત્રણેની અટકાયત કરી તેમણે કોર્ટમાં હાજર કરી હિંમતનગર ખાતે આવેલ સબ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.




મોડાસા રૂરલ પોલીસે શુક્રવારના રોજ સાંજના સુમારે છાપો મારતાં વાંટડા (દાવલી) ગામના રાજુભાઈ કનુભાઈ ગદાતના ઘરના ચોપાડમાં સંતાડી રાખેલ ગેરકાયદેસર વગર પરમીટનો વિદેશી દારૂ ૭૫૦ એમ.એલ. ૪ નગર પેટીઓમાં ૪૮ નંગ કુલ કિંમત રૂ. ૨૪૦૦૦ તથા રાજસ્થાન બનાવટનો વિદેશી દારૂ પેટી નંગ ૧ કુલ બોટલ ૧૨ કિંમત રૂ. ૪૮૦૦ એમ કુલ મળી ૨૮,૮૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.